પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર યોજના (સરકાર માન્ય વાજબી ભાવની દુકાનોની યોજના) વાજબી ભાવની નવી દુકાનો ખોલવા માટે જે તે નવા વિસ્તારના કુલ રેશનકાર્ડમાં ઓછામાં ઓછાં ૪૦% લોકો BPL રેશનકાર્ડ ધરાવતા હોય તો જ ખોલવા અંગેની સૂચના અંગે.

ગુજરાત સરકાર
અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
ઠરાવ ક્રમાંક: વભદ/૧૦૨૦૦૨/૪૮૭/ભાગ-૧/ક
૧૪,સરદારભવન, છ ઠો માળ
સચિવાલય,ગાંધીનગર
તા. /૧૦/૨૦૦૬

વંચાણે લીધો:-

(૧) અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગનો ઠરાવ ક:વભદ/૧૦/૨૦૦૨/૪૮૭/ક તા.૨/૮/૨૦૦૪

(૨) અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગનો ઠરાવ ક:વભદ/૧૦/૨૦૦૨/૪૮૭/ક તા.૨૧/૮/૨૦૦૬

(૩) પ્રમુખશ્રી, ગુજરાત ફેરપ્રાઈઝ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસીએશન અમદાવાદનો તા.૧૨/૯/૨૦૦૬નો પત્ર

પ્રાસ્તાવિક:-

પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર યોજના (સરકાર માન્ય વાજબી ભાવની દુકાનો)ની ફાળવણીની નીતિ સંદર્ભ (૧) માં દર્શાવેલ અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગના તા.૨/૮/૨૦૦૪ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ છે. ગુજરાત ફેરપ્રાઈઝ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસીએશન દ્વારા રાજ્ય સરકારને રજૂઆત કરવામાં આવેલ છે, કે નવી ખોલવામાં આવતી વાજબી ભાવની દુકાનોની પોષણક્ષમતા જળવાઈ રહે તે માટે નવી ખોલવામાં આવનાર દુકાનના કાર્યક્ષેત્રમાં ઓછામાં ઓછા ૭૦ ટકા જેટલા કાર્ડ બી.પી.એલ. કાર્ડ હોય તો જ નવી દુકાન સરકારશ્રીએ ખોલવી જોઈએ.(૨) આ ઉપરાંત વારસદારમાં ફક્ત એકલી પુત્રી જ હોય તેવા કિસ્સામાં વારસાઈથી દુકાન પુત્રીને મંજુર કરવા માટે (૩) દત્તક પુત્રને વારસાઈથી દુકાન આપવા અંગે સરકારશ્રીને રજુઆત કરેલ છે.

૨/- ફેરપ્રાઈઝ શોપ્સ એસોસીએશનની ઉપર્યુક્ત રજુઆતો પર સરકારે પુખ્ત વિચારણા કરેલ છે. અને પુખ્ત વિચારણાના અંતે તા.૨/૮/૨૦૦૪ના ઠરાવમાં નીચે મુજબ સુધારો કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ:-

હવે પછી નવી ખોલવામા આવનાર વાજબી ભાવની દુકાનોની પોષણક્ષમતા જળવાઈ રહે તે હેતુને ધ્યાનમાં રાખી નીચે મુજબ સુધારો તા.૨/૮/૨૦૦૪ના ઠરાવમાં કરવામાં આવે છે:

(૧) સંદર્ભ (૧) દર્શાવેલ તા.૨/૮/૨૦૦૪ના ઠરાવના ફકરા ૩.૪ પછી નવો ફકરો ૩.૪.૧ નીચે મુજબ દાખલ કરવામાં આવે છે.

ફકરો ૩.૪.૧ :-(૧) તા.૨/૮/૨૦૦૪ના ઠરાવ મુજબ ગ્રામ્ય વિસ્તારમાં દર ૨,૦૦૦ (બે હજાર) ની વસ્તીએ એક દુકાન તથા શહેરી વિસ્તારમાં દર ૫૦૦૦ (પાંચ હજાર)ની વસ્તીએ એક

દુકાન ખોલવાની જોગવાઈ છે. આ જોગવાઈ મુજબ હવે પછી ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં નવી વાજબી ભાવની દુકાન ખોલવાની થાય ત્યારે જે નવી વાજબી ભાવની દુકાન ખોલવાની છે તેના કાર્યક્ષેત્રમાં ૪૦ ટકા (ચાલીસ ટકા) વસ્તી બી.પી.એલ. કાર્ડ ધરાવતી હોવી જોઈએ અને આ મુજબ હોય તો જ નવી દુકાન ખોલવી આ ધોરણ કરતા ઓછી વસ્તી બી.પી.એલ. કાર્ડ ધારકોની હોય તો તેવા ગામ/ વિસ્તારમાં નવી દુકાન ખોલવી નહી અને તે ગામની જૂની દુકાન જ ચાલુ રાખવી.

(૨) પરંતુ હયાત દુકાન અને ગામ વચ્ચેનું અંતર ૩ કિલોમીટર કરતા વધુ હોય તેવા કિસ્સાઓમાં ઉપર મુજબની (૪૦ ટકા) વસ્તી બી.પી.એલ. કાર્ડ ધારકોની હોવી જોઈએ. તે જોગવાઈ લાગુ પડશે નહી આ પ્રકારના કિસ્સાઓમાં જનસંખ્યાના બાધ વગર નવી દુકાન મંજુર કરી શકાશે તેનો નિર્ણય જિલ્લા કલેકટરશ્રીએ કરવાનો રહેશે.

(૩) આ ૩.૩.૧ની જોગવાઈ હવે પછી એટલે કે આ ઠરાવની તારીખ પછી જાહેરાત આપવામાં આવે તે વાજબી ભાવની દુકાનોને લાગુ પડશે. આ અગાઉ ખોલવામાં આવેલ /જાહેરાત આપવામાં આવેલ દુકાનોને લાગુ પડશે નહી.

[૨] વાજબી ભાવની દુકાનના દુકાનદારને ફક્ત પુત્રીઓ જ હોય અને પુત્ર ન હોય તેવા કિસ્સાઓમાં પરણિત પુત્રીને વારસાઈથી દુકાન તબદીલ કરવા અંગે.

જો વાજબી ભાવની દુકાનના દુકાનદારને ફકત પુત્રીઓ હોય અને તે પુત્રીઓ પણ પરણિત હોય અને દુકાનદાર પુરૂષ હોય અને તે પુરૂષ-દુકાનદાર મૃત્યુ પામે તેવા કિસ્સામાં પરણિત પુત્રીના નામે વારસાઈથી દુકાન તબદીલ નીચેની શરતો સંતોષાતી હોય તો તબદીલ કરી શકાશે. આ જોગવાઈઓ વાજબી ભાવની દુકાન તથા કેરોસીનના રિટેઈલરો/મર્યાદિત છૂટક વિક્રેતાઓના કિસ્સામાં પણ લાગુ પડશે.

<u>શરતો:-</u>

(૧) અવસાન પામનાર પુરૂષ-દુકાનદારની પત્ની અભણ હોય અથવા વધુ ઉંમરનાં કારણે દુકાન ચલાવવાને શકિતમાન ન હોય.

(૨) પરણિત પુત્રીએ જે ગામમાં શહેર હોય તો વિસ્તારમાં દુકાન મંજુર થયેલ હોય તે જ ગામમાં/ વિસ્તારમાં વસવાટ કરવાનો રહેશે અને તે જ ગામમાં જ રહીને દુકાનનું સંચાલન કરવાનું રહેશે. આ બાબતે પરણિત પુત્રીએ જરૂરી સોગંદનામું કલેકટરશ્રી / જીલ્લા પુરવઠા અધિકારીશ્રીને રજુ કરવાનું રહેશે.

(૩) પ્રથમ વખતની વારસાઈથી દુકાન તબદીલ કરવાની હોય તો તા.૨/૮/૦૪ના ઠરાવના ફકરા ક્રમાંક: ૧૦.૧ની જોગવાઈ મુજબ જિલ્લા કલેકટરશ્રીને સત્તા રહેશે. બીજી વખતની વારસાઈ હોય તો રાજય સરકારની મંજુરી મેળવવાની રહેશે.

(૪) આ પ્રકારના કિસ્સાઓમાં અવસાન પામનાર પુરૂષ-દુકાનદારની પત્ની તેની પરણિત પુત્રીને વારસદાર તરીકે વારસાઈથી દુકાન આપવા નોમીનેટ કરી શકશે,પરંતુ પુત્રી લગ્ન પછીથી મંજુર થયેલ એફ.પી.એસ.ના ૩ કિલોમીટરના અંતરના ગામમાં વસવાટ કરતી હોવી જોઈએ.

[૩] સ્ત્રી દુકાનદારના કિસ્સામાં દુકાનનું સંચાલન કરવામાં પરણિત પુત્રીની મદદ લેવા અંગે.

સ્ત્રી દુકાનદારના કિસ્સામાં (૧) જો તે સ્ત્રી દુકાનદારને પુત્ર ન હોય અને ફકત પુત્રીઓ/ પરણિત પુત્રીઓ જ હોય અને (૨) સ્ત્રી દુકાનદાર ઉંમરના કારણે અથવા વૃધ્ધાવસ્થાના કારણે દુકાનનું સંચાલન કરવા સક્ષમ ન હોય તો સ્ત્રી દુકાનદાર તેનો પરણિત

પુત્રીની મદદ લઈ દુકાનનું સંચાલન કરવા/વહીવટ કરવામાં લઈ શકશે પરંતુ તે માટે અધિકૃત સત્તાવાળા એટલે કે જીલ્લા પુરવઠા અધિકારીશ્રીની પૂર્વ-મંજુરી મેળવવાની રહેશે.

[૪] દત્તક પુત્રને વારસાઈથી દુકાન તબદીલ કરવા અંગે. :-

વારસાઈથી દત્તક પુત્રને દુકાન તબદીલ કરવાના કિસ્સાઓમાં સ્પષ્ટતા કરવામાં આવે છે. કે કાયદેસરના વિધાન/કાર્યવાહી બાદ દત્તક લીધેલ પુત્રએ કાયદેસરના પુત્ર જેટલા જ હકકો ધરાવે છે. તેથી આ પ્રકારના કિસ્સાઓમાં દુકાનદારે કાયદેસરના વિધાન/કાર્યવાહી બાદ દત્તક લીધેલ પુત્રને વારસાઈથી દુકાન તબદીલ કરવાની રહેશે પરંતુ તે અંગેના દસ્તાવેજોની ચકાસણી જીલ્લા પુરવઠા અધિકારીશ્રી/કલેકટરશ્રીએ કરવાની રહેશે.

૪/- સંદર્ભ(૧)માં દર્શાવેલ તા.૨/૮/૨૦૦૪ના ઠરાવની અન્ય શરતો યથાવત રહે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એમ.મકવાણા)
ઉપસચિવ
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

01 < 5 K 06

પ્રતિ,

૧. સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
૨. સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ (ફેકસ ધ્વારા)
૩. અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રકશ્રી, અમદાવાદ શહેર (ફેકસ ધ્વારા)
૪. નાયબ અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રકશ્રી, અમદાવાદ શહેર
૫. સર્વે મામલતદારશ્રીઓ/ મહાલકારીશ્રીઓ

નકલ જાણ સારૂ રવાના:-

૧. માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
૨. અંગત સચિવશ્રી,માન.રા.ક.મંત્રીશ્રી,અ.ના.પુ.અને ગ્રા.બા. સચિવાલય,ગાંધીનગર
૩. સર્વે માન.મંત્રીશ્રીઓ/ રા.ક.મંત્રીશ્રીઓ સચિવાલય,ગાંધીનગર
૪. અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ સચિવાલય, ગાંધીનગર
૫. સચિવાલયના તમામ વિભાગો
૬. નિયામકશ્રી, (નાગરિક પુરવઠા) અ.ના.પુ.અને ગ્રાં.બા.વિભાગ સચિવાલય,ગાંધીનગર
૭. અન્ન નિયામકશ્રી, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ સચિવાલય, ગાંધીનગર
૮. નિયામકશ્રી, નાગરિક પુરવઠા (તપાસણી શાખા) સચિવાલય,ગાંધીનગર
૯. વિભાગની સર્વે શાખાઓ (અ,બ,ડ,ઇ,ફ,વિશેષ,બજેટ)
૧૦. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. સેકટર-૧૦ ગાંધીનગર
૧૧. સિલેકટ ફાઇલ
૧૨ અંગત ફાઇલ

નકલ રવાના:-

(૧) સચિવશ્રી,ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
(૨) કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
(૩) સર્વે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓ (૨૫ જિલ્લા પંચાયતો)